




# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી
## વાર્ષિક અહેવાલ
## ૨૦૨૪-૨૦૨૫
## અનુસ્નાતક ગુજરાતી વિભાગ













# વૃક્ષારોપણ કાર્યક્રમ

## ૧૫/૭/૨૦૨૪

અનુસ્નાતક ગુજરાતી વિભાગ, શ્રી ગોવિંગ ગુરુ યુનિવર્સિટી ખાતે તા. 15 જુલાઇ 2024ના રોજ વૃક્ષારોપણ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. સાંપ્રત સમયે પર્યાવરણમાં આવેલા પરિવર્તન અને પ્રદૂષણની સમસ્યાને ધ્યાનમાં રાખી મોટી સંખ્યામાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું. જેમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રતાપસિંહજી ચૌહાણ સાહેબ, કુલસચિવશ્રી અનીલ સોલંકી સાહેબ, અનુસ્નાતક ગુજરાતી વિભાગના અધ્યક્ષ શ્રી ભાવેશ જેઠવા સાહેબ તેમજ અન્ય વિભાગોના અધ્યક્ષ અને અધ્યાપકો હાજર રહ્યાં હતા. તેમજ તેમના વરદહસ્તે વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું. આ પ્રસંગે યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. પ્રતાપસિંહ ચૌહાણ સાહેબે વૃક્ષોના મહત્ત્વ તેમજ આવનાર ભવિષ્ય માટે પર્યાવરણના સંવર્ધન અને જતન માટે આપણી ભૂમિકા શું હોઇ શકે ? આપણી જવાબદારી શું છે? તે વિષે વાત કરી હતી. અનુસ્નાતક ગુજરાતી વિભાગના વિદ્યાર્થીઓ અને અન્ય વિભાગના વિદ્યાર્થીઓએ વૃક્ષારોપણ કર્યું હતું.





# શ્રી સરસ્વતી વંદના અને ઉમાશંકર જોશી જન્મ જયંતી મહોત્સવ
# ૨૦/૭/૨૦૨૪

અનુસ્નાતક ગુજરાતી વિભાગ, શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી દ્વારા ગુરુ પૂર્ણિમા નિમિત્તે સરસ્વતી પૂજન અને કવિ શ્રી ઉમાશંકર જોશીની જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત ગુજરાતી વિભાગના અધ્યક્ષ શ્રી ભાવેશ જેઠવા સાહેબ દ્વારા ગુરુ પૂર્ણિમાનું મહત્ત્વ અને આપણી ભારતીય પરંપરા વિષે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતાં. વિભાગના અન્ય અધ્યાપકોએ પણ આ દિવસના મહિમા વિષે વાત કરી હતી. ત્યારબાદ ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય સર્જક શ્રી ઉમાશંકર જોશીનો જન્મ જયંતી મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓએ કવિ ઉમાશંકર જોશીની વિવિધ રચનાઓ અને તેમના જીવન કવનને કેન્દ્રમાં રાખી પોસ્ટરની પ્રસ્તુતિ કરી હતી. અધ્યાપકો મહિરથસિંહ પરમાર, શૈલેષ સંગાડા અને રજની પરમારે ગુરુ પૂર્ણિમા અને કવિશ્રી ઉમાશંકર જોશી વિષે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.







# યોગ શિબિર
# ૨૬/૭/૨૦૨૪

26 – 07 – 2024ના દિને અનુસ્નાતક ગુજરાતી વિભાગ, શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીનાં આંગણે એક દિવસીય યોગ શિબિરનું આયોજન કરાયું હતું. અનુસ્નાતક ગુજરાતી વિભાગના અધ્યક્ષ શ્રી ભાવેશ જેઠવાના નિર્દેશન હેઠળ પ્રસ્તુત કાર્યક્રમમાં ગુજરાતી સમેત અંગ્રેજી, હિન્દી અને મનોવિજ્ઞાનના વિભાગોના વિદ્યાર્થીઓ અને અધ્યાપકો સહભાગી બન્યા હતા. વિભાગના અધ્યાપકો મહિરથસિંહ પરમાર, શૈલેષ સંગાડા અને રજની પરમાર દ્વારા યોગ નિદર્શન કરી તે અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા અને માનવીય જીવનમાં યોગના મહત્ત્વ વિષે વાત કરી હતી. 21 જૂને સમગ્ર વિશ્વ 'વિશ્વ યોગ દિવસ'ની ઉજવણી કરે છે. તેના વૈશ્વિક મહત્ત્વ વિશે  વિદ્યાર્થીઓને વાત કરવામાં આવી હતી. સ્વાનુભાવ જણાવતા વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે, 'યોગ કરવાથી સમગ્ર દિવસ સ્ફૂર્તિ અને ઉત્સાહથી પસાર થયો.'






# ગઝલ પ્રશિક્ષણ કાર્ય શિબિર
# ૩૧/૮/૨૦૨૪





તા. 31 ઑગસ્ટ 2024ના રોજ અનુસ્નાતક ગુજરાતી વિભાગ, શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી અને ગુજરાતી સાહિત્ય પરિષદના સયુંક્ત ઉપક્રમે બે દિવસીય ગઝલ પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું. જેમાં રાજ્યભરમાંથી સાહિત્ય અને ગઝલના અંદાજિત 250 જેટલાં રસિકો ઉત્સાહથી સહભાગી થયા અને ગઝલ પ્રશિક્ષકો પાસેથી તાલીમ લઈ ગઝલ લેખનનું જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. કાર્યક્રમની સ્વાગત ભૂમિકા અનુસ્નાતક ગુજરાતી વિભાગના અધ્યક્ષ પ્રો. ભાવેશ જેઠવા સાહેબે કરી. જેમાં આમંત્રિત મહેમાનશ્રીઓ, શિબિરર્થીઓ તેમજ પરિસંવાદના અધ્યક્ષશ્રી યુનિવર્સિટીના કુલપતિ પ્રો. પ્રતાપસિંહ ચૌહાણ સાહેબનું શાબ્દિક સ્વાગત કરી ગઝલના  સાહિત્ય પ્રકાર વિશે પ્રાસંગિક ચર્ચા કરી હતી. પ્રાસંગિક ઉદ્બોધનમાં કુલપતિશ્રી પ્રો. પ્રતાપસિંહ ચૌહાણ સાહેબે શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીની વિકાસ ગાથાની સાથેસાથે ગઝલ દ્વારા માનવીય ભાવોની અભિવ્યક્તિ સુંદર રીતે કરી શકાય છે તેમ જણાવી ગઝલની સ્વરૂપની વિશેષ વાતો તેઓશ્રી  એ કરી હતી.

પરિસંવાદના વક્તાશ્રીઓમાં વિવેક કાણે, દિનેશ ડોંગરે, ભરત ભટ્ટ અને નૈષધ મકવાણાએ શિબિરર્થીઓને ગઝલ સાહિત્ય સ્વરૂપના વિવિધ લયસ્તરો અને ગઝલની શાસ્ત્રીય સમજ આપી હતી. આ વક્તાશ્રીઓનો મુખ્ય ઉદ્દેશ્ય તાલીમાર્થીઓને ગઝલ સ્વરૂપ સાથે વિશેષ રીતે જોડી તેમને ગઝલ લખવા પ્રોત્સાહિત કરવાનો હતો. જેમાં સારો એવો પ્રતિસાદ મળ્યો. શિબિરર્થીઓ સભાનતા કેળવી શક્યા અને આ પરિસંવાદ દરમિયાન મૌલિક ગઝલો પણ રચી શક્યા. વિભાગીય અધ્યક્ષશ્રી પ્રો. ભાવેશ જેઠવા સાહેબના માર્ગદર્શન હેઠળ સેમિનાર સંપૂર્ણ થયો હતો. પ્રસ્તુત પરિસંવાદમાં ગુજરાતી વિભાગના અધ્યાપકો મહિરથસિંહ પરમાર, શૈલેષ સંગાડા અને રજની પરમારની મહત્ત્વની ભૂમિકા રહી હતી.





# <u>શિક્ષક દિનની ઉજવણી</u>

## <u>૫/૯/૨૦૨૪</u>

5 ઑક્ટોબર 2024ના રોજ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના પટાંગણમાં કાર્યરત માનવવિદ્યા ભવનના ગુજરાતી, અગ્રેજી, મનોવિજ્ઞાન, હિન્દી વિભાગો દ્વારા સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિન નિમિત્તે શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં અનુસ્નાતક ગુજરાતી વિભાગમાંથી મોટી સંખ્યામાં વિધાથીઓ સહભાગી થયા. જેમાંના કેટલાક વિદ્યાર્થીઓએ અધ્યાપન કાર્ય કર્યું હતું. આ અધ્યાપન કાર્યમાં પ્રથમ સત્રમાંથી સારું અધ્યાપન કરવા બદલ દક્ષા પટેલ અને પ્રજ્ઞા ખાંટ તેમજ સત્ર ત્રણમાંથી જીતેશ બામણીય અને રવિના ગોયરાને પુરસ્કાર એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે એડહોક અધ્યાપકો મહિરથસિંહ પરમાર, શૈલેષ સંગાડા અને રજની પરમાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહન અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.









## એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદ – સાહિત્યિક પત્રકારત્વ વિશે
## ૫/૧૦/૨૦૨૪

તા. 5 ઑક્ટોબર 2024ના દિવસે ગુજરાત સાહિત્ય અકાદમી અને અનુસ્નાતક ગુજરાતી વિભાગ, શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના સન્યુક્ત ઉપક્રમે સાહિત્યિક પત્રકારત્વ વિશે એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો. જેમાં બહોળી સંખ્યામાં અધ્યાપકો તેમજ વિધાર્થીઓ જોડાયા હતા. ગુજરાતી વિભાગના અધ્યક્ષશ્રી પ્રો. ભાવેશ જેઠવા સાહેબે કાર્યક્રમના આરમ્ભે શાબ્દિક સ્વાગત કરી મહેમાનોને આવકાર્યા હતા. શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. પ્રતાપસિંહ ચૌહાણ સાહેબે પ્રાસંગિક વક્તવ્યમાં યુનિવર્સિટીએ સિધ્ધ કરેલ સિધ્ધિઓ જણાવી આજના શુભ પ્રસંગ નિમિત્તે પોતાની શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી. પ્રસ્તુત પરિસંવાદમાં ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્રશ્રી ડૉ. જયેન્દ્રસિંહ જાદવની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. પ્રાસંગિક ઉદ્બોધનમાં જણાવ્યા અનુસાર આ પ્રકારના કાર્યક્રમો માટે ગુજરાત સાહિત્ય અકાદમી હર હંમેશ યુનિવર્સિટી તેમજ અનુસ્નાતક ગુજરાતી વિભાગ સાથે સંકળાયેલી રેહશે. તેઓએ આ પ્રસંગ નિમિત્તે સહર્ષ લાગણી વ્યક્ત કરી હતી.






ગુજરાતી ભાષાના સર્જક મણિલાલ હ. પટેલ, જે. એન. શાસ્ત્રી તેમજ પત્રકારશ્રી લલિત ખભાયતા (સંપા. દિવ્યભાસ્કર), જશવંત રાવલ (નયા પડકાર, આણંદ) એ પોતાનું વ્યાખ્યાન આપ્યું હતું. મણિલાલ હ. પટેલે ગુજરાતી સાહિત્યના સામયિકો અને તેના ઉદ્‌ભવ – વિકાસની વિસ્તૃત વાત પોતાના વક્તવ્યમાં કરી હતી. તેમણે ગુજરાતી સાહિત્યની પ્રસિદ્ધ રચનાઓ જે પુસ્તક સ્વરૂપે પ્રકાશિત થયા પહેલા સામયિકોમાં પ્રગટ થયેલી તે વિષે રસપ્રદ વાત કરી. લલિત ખંભાયતાએ પાવર પોઈન્ટ પ્રેઝનટેશન દ્વારા સુધારક યુગથી માંડી આધુનિક યુગ સુધી સાહિત્યમાં થયેલા પત્રકારત્વના મહત્ત્વના યોગદાનની વાત કરી હતી. જશવંત રાવલે સાહિત્ય અને પત્રકાર બંનેના સ્વતંત્ર કાર્યક્ષેત્રની વાત પોતાના વક્તવ્યમાં કરી હતી.







કાર્યક્રમના અંતે શોધપત્રની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ અનુસ્નાતક ગુજરાતી વિભાગના અધ્યક્ષશ્રી પ્રો. ભાવેશ જેઠવા સાહેબના માર્ગદર્શન હેઠળ સંપન્ન થયો હતો. પરિસંવાદમાં આશરે 200 જેટલાં સાહિત્યરસિકો એકત્રિત થયાં હતા. અનુસ્નાતક ગુજરાતી વિભાગના અધ્યાપકો મહિરથસિંહ પરમાર, શૈલેષ સંગાડા અને રજની પરમાર દ્વારા સંચાલન તેમજ અન્ય મહત્ત્વની કામગીરી કરવામાં આવી હતી.







# એક દિવસીય ગરબાનું આયોજન
## ૮/૧૦/૨૦૨૪

તા. 8 ઓક્ટોબર 2024ના રોજ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના આંગણે અનુસ્નાતક ગુજરાતી વિભાગ દ્વારા નવરાત્રિ પર્વ નિમિત્તે એક દિવસીય ગરબાનું આયોજન કરવામાવ્યું હતું. જેમાં યુનિવર્સિટી સાથે સંલગ્ન તમામ વિભાગો જોડાયાં હતાં. આ પાવન અવસર પર માતાજીની આરતી યુનિવર્સિટીના કુલસચિવશ્રી ડૉ. અનિલ સોલંકી દ્વારા કરી કરવામાં આવી અને ત્યારબાદ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ અને અધ્યાપકો દ્વારા ખૂબ જ ઉત્સાહથી ગુજરાતના લોકનૃત્ય ગરબા કરવામાં આવ્યા હતા. જેમાં તમામ અનુસ્નાતક ભવનના આશરે 500 જેટલાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકો ઉપસ્થિતિ રહ્યાં હતાં. ઉત્સવનું આયોજન અનુસ્નાતક ગુજરાતી વિભાગના અધ્યક્ષ પ્રો. ભાવેશ જેઠવાના માર્ગદર્શન હેઠળ થયું.









## **સ્પંદન યુવક મહોત્સવ 2024**
૧૬/૧૭/૧૮ ઓક્ટોબર 2024

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી દ્વારા ચોથા યુવક મહોત્સવ 'સ્પંદન'નું આયોજન તા. 17, 18, 19 ઓક્ટોબર 2024ના રોજ કરવામાં આવ્યું હતું. આ યુવક મહોત્સવમાં યુનિવર્સિટી સંલગ્ન વિવિધ કોલેજો તેમજ અનુસ્નાતક ભાવનોએ ઉત્સાહથી સ્પર્ધાઓમાં સહભાગી થયા હતાં. ઉદ્ઘાટન સત્રમાં મુખ્ય અતિથિ સ્વરૂપે શિક્ષણમંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોર પધાર્યા હતાં. જેમણે બિધાર્થીઓના સર્વાંગી વિકાસ તેમજ ભારતીય સંસ્કૃતિ અને પરંપરાના મહત્ત્વની વાત કરી હતી. કુલપતિશ્રી પ્રો. પ્રતાપસિંહ ચૌહાણ સાહેબે વિદ્યાર્થીઓની કારકિર્દીના વિકાસની સાથોસાથ આપણી લોકસંસ્કૃતિ પ્રત્યેની સભાનતા કેળવાય તેમજ સહભાગી વિદ્યાર્થીઓને શુભાશિષ પાઠવ્યા હતાં. આ સત્રનું સુચારું સંચાલન અનુસ્નાતક ગુજરાતી ભવનના અધ્યાપક પ્રો. મહિરથસિંહ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું.





અનુસ્નાતક ગુજરાતી ભવનના વિદ્યાર્થીઓએ વિભાગીય અધ્યક્ષના માર્ગદર્શન અને પ્રેરણાથી વિધ વિધ સ્પર્ધાઓમાં સહભાગી થયા હતાં. જેમાં મહેંદી, ક્વિઝ, ઓન ધ સ્પોટ પેઇન્ટિંગ, લોકનૃત્ય ગરબા, સ્પોટ ફોટોગ્રાફી જેવી સ્પર્ધાઓમાં ખૂબ જ સારું અને પ્રશંસનીય પ્રદર્શન કર્યું હતું. લોકનૃત્ય ગરબામાં વિદ્યાર્થીઓનો યુનિવર્સિટી કક્ષાએ ત્રીજો નંબર આવ્યો હતો. યુવક મહોત્સવના કારણે વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ દૃઢ બન્યો અને વિભાગ સાથે સવિશેષ રીતે જોડાયાં. અનુસ્નાતક ગુજરાતી વિભાગનું ઉત્તમ પ્રસ્તુતિનો તમામ શ્રેય વિભાગીય અધ્યક્ષ પ્રો. ભાવેશ જેઠવાને જાય છે.





# ગીત સાહિત્ય વિશે પરિસંવાદ
## ૩૦/૧૨/૨૦૨૪





શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, વિંઝોલ, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને સૌરાષ્ટ્ર સાહિત્ય સભા, સુરેન્દ્રનગરના સંયુક્ત ઉપક્રમે યુનિવર્સિટીના કુલપતિ શ્રી ડૉ. પ્રતાપ સિંહજી ચૌહાણસાહેબની પ્રેરણાથી તેમના અધ્યક્ષ સ્થાને અને કુલ સચિવ શ્રી ડૉ. અનિલભાઈ સોલંકીના માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટીના સેનેટ હોલમાં તા. 30 ડિસેમ્બર 24ને સવારે 11 વાગ્યાથી સાંજે 5 વાગ્યા સુધી 'છેલ્લા પાંચ દાયકાનું ગીત સાહિત્ય: એક મૂલ્યાંકન' વિષે પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઉદઘાટન સમારોહના પ્રારંભે શોધાર્થી ચંદ્રિકા ચૌહાણે પ્રાર્થના પ્રસ્તુત કરી. ત્યાર બાદ મહેમાનશ્રીઓના હસ્તે દીપ પ્રગટાવવામાં આવ્યો હતો. યુનિવર્સિટીના એકેડમિક એડવાઇઝર ડૉ. જે. એન. શાસ્ત્રીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. ત્યાર બાદ કુલપતિશ્રીએ બીજરૂપે વકતાશ્રીને, જે. એન. શાસ્ત્રીએ શ્રી સૌરાષ્ટ્ર સાહિત્ય સભાના પ્રમુખ શ્રી તરુણ દત્તાણીને તેમજ ગુજરાતીના અધ્યક્ષ શ્રી ભાવેશ જેઠવા સાહેબે કુલપતિ શ્રી ડૉ. પ્રતાપસિંહજી ચૌહાણ સાહેબને સૂતરની આંટી, પુસ્તક અને ખાદીનો રૂમાલ અર્પણ કરી તેમનું અભિવાદન કર્યું હતું. સમારોહના અંતે ઉદઘાટન સમારોહના અધ્યક્ષ ડૉ.  પ્રતાપસિંહજી ચૌહાણ સાહેબે યુનિવર્સિટીએ ખૂબ ટૂંકા ગાળામાં જે પ્રગતિ કરી, તેનો ચિતાર આપ્યો હતો

પ્રથમ બેઠકમાં ડૉ. વિનોદ જોશીએ બીજરૂપ વક્તવ્ય આપ્યું હતું. આઠમા દાયકાના ગીત સાહિત્ય વિષે ડૉ. ભગીરથ બ્રહ્મભટ્ટે, બીજી બેઠકમાં નવમા - દસમા દાયકાના ગીત સાહિત્ય વિશે ડૉ. મણિલાલ હ. પટેલે અને એકવીસમી સદીના પહેલા દાયકાના ગીત સાહિત્ય વિશે ડૉ. વિવેક ટેલરે વિદ્વત્તાપૂર્ણ વક્તવ્યો આપ્યાં હતાં.

બીજ રૂપ વક્તવ્યમાં ડૉ. વિનોદ જોશીએ કહ્યું હતું કે આ પ્રકારનો પરિસંવાદ પ્રથમ વખત જ થયો છે, તેના આયોજન માટે આ યુનિવર્સિટી અને તેના કુલપતિ અભિનંદનને પાત્ર છે.

૨૫૦ જેટલા અધ્યાપકો અને સ્નાતક અનુસ્નાતક વિદ્યાર્થીઓ તથા પીએચ. ડી.ના શોધાર્થીઓએ આ પરિસંવાદમાં હાજરી આપી હતી. સૌરાષ્ટ્ર સાહિત્ય સભાના પ્રમુખ શ્રી તરુણ દત્તાણી, મંત્રી શ્રી ડૉ. રુચિર પંડ્યા અને સહિત્યકાર શ્રી પરિક્ષિત જોશી, કવયિત્રી ડૉ. દીનાબેન શાહ, ગાયત્રીબેન ભટ્ટ વગેરેએ આપી હતી.



વિવિધ બેઠકોનાં સંચાલન આસિસ્ટન્ટ પ્રોફેસર સર્વ શ્રી ડૉ. રજની પરમાર, ડૉ. શૈલેષ સંગાડા અને ડૉ. મહિરથસિંહ પરમારે કર્યું હતું.

સમાપન સમારંભમાં સૌરાષ્ટ્ર સાહિત્ય સભાના પ્રમુખ શ્રી તરુણ દત્તાણીએ સમાપન વક્તવ્ય આપી યુનિવર્સિટીના કુલપતિ શ્રી, કુલ સચિવ શ્રી, ગુજરાતી વિભાગાધ્યક્ષ શ્રી જેઠવા સાહેબ અને તેમની ટીમને અભિનંદન આપ્યા હતા. સહભાગી પ્રતિનિધિઓએ સકારાત્મક પ્રતિભાવો આપતાં પોતાનો રાજીપો વ્યક્ત કર્યો હતો. માનનીય કુલપતિ શ્રી ડૉ. પ્રતાપસિંહજી ચૌહાણ સાહેબે દીક્ષાંત પ્રવચન આપી આશીર્વચન પાઠવ્યા હતા. તેમજ આ પરિસંવાદ સાથે જોડાયેલ ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ શ્રી ભાગ્યેશ જહા અને મહામાત્ર શ્રી ડૉ. જયેન્દ્ર સિંહજાદવ તેમજ સૌરાષ્ટ્ર સાહિત્ય સભાના પ્રમુખ તરુણ દત્તાણી તથા મંત્રી શ્રી રુચિરભાઈ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.





**શૈક્ષણિક પ્રવાસ**
**૧૦/૧/૨૦૨૫**

તા. 10 જાન્યુઆરી 2025ના રોજ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના ગુજરાતી, અંગ્રેજી, મનોવિજ્ઞાન અને હિન્દી વિભાગ દ્વારા એક દિવસીય શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં પ્રકૃતિ અને સંસ્કૃતિને લઈ વિશેષ સભાનતા અને જાગૃતતા કેળવાય તે હેતુથી પ્રવાસનું સ્થળ પ્રકૃતિમયી એવું રતનમહાલ પસંદ કરવામાં આવ્યું હતું. રતનમહાલમાં વિદ્યાર્થીઓ દ્વારા ટ્રેકિંગ કવામાં આવ્યું અને તેની સાથોસાથ પ્રકૃતિ, પર્યાવરણ અને વન્ય જીવોની જાળવણી તેમજ તેના સંવર્ધન માટે કેવા પ્રકારની કાળજી લઈ શકાય તે અંગે તેઓ સજાગ થયાં. રતનમહાલ વાઇલ્ડ લાઈફ સેન્ચુરીના ફોરેસ્ટ ઓફિસર બારૈયા સાહેબ તેમજ મયુર ડાંગર સાહેબે વિદ્યાર્થીઓને વન તેમજ પર્યાવરણની જાગૃતતા અંગે સચેત અને સભાન કર્યા હતાં.






આ પ્રવાસે વિદ્યાર્થીઓને આનંદ સાથે જ્ઞાન આપવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. અનુસ્નાતક ગુજરાતી વિભાગમાંથી અધ્યાપકોમાં શૈલેષ સંગાડા તેમજ મહિરથસિંહ પરમાર અને પીએચ.ડી સ્કૉલર મીના બાબેરિયા જોડાણા હતાં. સમગ્ર પ્રવાસનું આયોજન અનુસ્નાતક ગુજરાતી વિભાગના અધ્યક્ષ પ્રો. ભાવેશ જેઠવાના માર્ગદર્શન અને પ્રેરણાથી થયું હતું. પ્રવસના કોર્ડિનેટર તરીકે અનુસ્નાતક ગુજરાતી વિભાગના અધ્યાપક મહિરથસિંહ પરમાર રહ્યા હતાં.



## નેતાજી સુભાષચંદ્ર બોઝની જન્મજયંતીની ઉજવણી
**૨૩/૧/૨૦૨૫**

તા. 23 જાન્યુઆરી 2025ના રોજ અનુસ્નાતક ગુજરાતી વિભાગ, શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના આંગણે નેતાજી સુભાષ ચંદ્ર બોઝની 128મી જન્મજયંતી ઉજવવામાં આવી. નેતાજીના જન્મને ભારત સરકારે 'પરાક્રમ દિવસ' તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. નેતાજીના જીવન વિષે વિદ્યાર્થીઓ સારી રીતે જાણી શકે તે હેતુથી અનુસ્નાતક ગુજરાતી વિભાગના અધ્યક્ષશ્રી પ્રો. ભાવેશ જેઠવાના માર્ગદર્શન હેઠળ આ દિવસની ઉજવણી કરવામાં આવી. વિભાગના અધ્યાપકો મહિરથસિંહ પરમાર, શૈલેષ સંગાડા અને રજની પરમાર તેમજ રિસર્ચ સ્કૉલર અને વિદ્યાર્થીઓએ સુભાષ ચંદ્ર બોઝ વિષે વિધ-વિધ પ્રકારના મંતવ્યો રજૂ કરવામાં આવ્યા હતા.







# <u>વસંત પંચમીની ઉજવણી</u>
## ૩/૨/૨૦૨૫

તા. 3 ફેબ્રુઆરીએ 2025ના રોજ અનુસ્નાતક ગુજરાતી વિભાગ, શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના આંગણે વસંત પંચમીની ઉજવણી કરવામાં આવી. પ્રસ્તુત કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ ઉત્સાહથી સહભાગી થયા હતા અને વસંતને કેન્દ્રમાં રાખી લખાયેલી વિવિધ રચનાઓનું પઠન વિદ્યાર્થીઓએ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આસિસ્ટન્ટ પ્રો. મહિરથસિંહ પરમારે ભારતીય ઉત્સવ અને પરંપરા વિષે વાત કરી. ડૉ. શૈલેષ સંગડાએ મનોજ ખંડેરિયાની ગઝલનો પાઠ કર્યો તેમજ ડૉ. રજની પરમારે પ્રાસંગિક રાજૂઆત કરી હતી. સમગ્ર કાર્યક્રમ અનુસ્નાતક ગુજરાતી વિભાગના અધ્યક્ષ પ્રો. ભાવેશ જેઠવાના માર્ગદર્શન અને પ્રોત્સાહનથી સફળ બની શક્યો હતો.











# <u>માતૃભાષા દિવસની ઉજવણી</u>
# ૨૧/૨/૨૦૨૫

અનુસ્નાતક ગુજરાતી વિભાગ, શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી – વીંઝોલ ખાતે તા. 21 ફેબ્રુઆરી 2025ના રોજ માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવી. પ્રસ્તુત કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીઓમાં ભાષા અંગે સભાનતાની સાથે સજ્જતા કેળવાય અને ભાષા પ્રત્યે અનુરાગ વધે તે હતો. કાર્યક્રમમાં એમ. એ. ના તમામ વર્ષના વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતાં. પ્રારંભિક ભૂમિકા ડૉ. રજની પરમારે કરી. વિદ્યાર્થીઓએ એક પછી એક ક્રમબદ્ધ રીતે પોતાની રજૂઆત કરી. વિદ્યાર્થીઓની પ્રસ્તુતતા સારી રીતે વિકાસ પામી હતી. બાંગ્લાદેશમાં બંગાળી ભાષાની સજ્જતાને પરિણામે પાકિસ્તાનમાંથી છૂટું પડી કેવી રીતે ભાષાની દૃઢતા પર દેશનું નવનિર્માણ થયું તેની વાત વિદ્યાર્થીઓએ કરી. પ્રસ્તુત કાર્યક્રમમાં અનુસ્નાતક હિન્દી વિભાગ પણ સહર્ષ ઉપસ્થિત રહ્યો.



અનુસ્નાતક હિન્દી વિભાગના વિદ્યાર્થીઓ તેમજ અધ્યાપક પ્રો. રાજેશ રાઠવા અને પ્રો. સાગર દેસલેએ ભાષા અંગે પોતાની રજૂઆત કરી હતી. વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાનું કાર્ય પ્રો. મહિરથસિંહ પરમાર દ્વારા કરવામાં આવ્યું. પીએચ.ડી. રિસર્ચ સ્કૉલર ચંદ્રિકા ચૌહાણે ગુજરાતી ભાષાના મહત્ત્વ અને વિવિધતા વિષે પોતાની વાત કરી અધ્યક્ષ પ્રો. ભાવેશ જેઠવાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યો.

# વાર્ષિકોત્સવ-૨૦૨૫
# ૧૧/૩/૨૦૨૫

તા. 11 માર્ચ 2025ના રોજ અનુસ્નાતક ગુજરાતી ભવનનો વાર્ષિકોત્સવ અને એમ.એ સેમ. 4માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનો વિદાય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વાર્ષિકોત્સવની શુભ શરૂઆત ઈશ્વરના નામ અને સ્મરણ સાથે ક પ્રાર્થના સાથે કરવામાં આવી. આશીર્વચન અને પ્રાસંગિક ઉદબોધન કરતાં વિભાગીય અધ્યક્ષ પ્રો. ભાવેશ જેઠવાએ વિદ્યાર્થોની ઉજ્જવળ કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવી તેમજ ઉમદા જીવનન મૂલ્યો જાળવવાની શિખામણ વિદ્યાર્થીઓને આપી. ઉપરાંત જીવન પર્યંત માતા-પિતાની સેવા કરી તેમની અનુજ્ઞામાં રહેવાની વાત કરી. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ વિવિધ પ્રકારની પ્રસ્તુતિઓ કરી. જેમાં નાટક, નૃત્ય, વેસ્ટર્ન ડાન્સ, ટીમલી તેમજ ગાયન દ્વારા કાર્યક્રમને દીપવી દીધો. પ્રો. ભાવેશ જેઠવાએ નવ નિયુક્ત અધ્યાપકોનો પરિચય કરાવ્યો.



વિદ્યાર્થીએ પોતાની આગવી અને હળવી શૈલીમાં રસપ્રદ વિભાગને લગતા અભિપ્રાયો રજૂ કર્યા. અનુસ્નાતક ગુજરાતી વિભાગના અધ્યાપકો રજની પરમાર, શૈલેષ સંગાડા તેમજ મહિરથસિંહ પરમારે પોતાના સ્વાનુભવો તેમજ મધુર સ્મરણોને પ્રસ્તુત કર્યા. વાર્ષિકોત્સવના અંતે ગરબા અને પંચમહાલ પંથકના લોકપ્રિય નૃત્ય ટીમલી દ્વારા આનંદ માણી અને આનંદની ઉજાણી કરી સૌએ વિદાય લીધી. વાર્ષિકોત્સવનું સંપૂર્ણ આયોજન વિભાગીય અધ્યક્ષ પ્રો. ભાવેશ જેઠાવના માર્ગદર્શન હેઠળ વિભાગના અધ્યાપક મહિરથસિંહ પરમારે કર્યું હતું.

